RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૩૭ તા.૧૬–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી કરમશીભાઈ મોહનભાઈ માંગુકીયા
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કરમશીભાઈ મોહનભાઈ માંગુકિયાની તા. ૦૫–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) સુરતના વરાછા રોડ, કનૈયાવાડીમાં ટી.પી.નં. ૧૭, ૦૦૮૩/એ–૧ પૈકી જમના ચેમ્બર્સવાળી મિલકતના મંજુર થયેલ બાંધકામનો પ્લાન, રજાચિઠ્ઠી, એન.ટી.સી.ની નકલો,વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૭ /૨૦૧૧–૧૨

શ્રી કરમશીભાઈ મોહનભાઈ માંગુકિયાની તા. ૦૫–૦૧–૧૨ ની અરજીથી મુદ્દા નં.(૧ ) સુરતના વરાછા રોડ, કનૈયાવાડીમાં ટી.પી.નં. ૧૭, ૦૦૮૩/એ–૧ પૈકી જમના ચેમ્બર્સવાળી મિલકતના મંજુર થયેલ બાંધકામનો પ્લાન, રજાચિઠ્ઠી, એન.ટી.સી.ની નકલો, વિ. મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) ના પત્ર તા. ૧૫–૨–૧૨થી પુરતી માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા વિશેષતઃ મુદ્દા નં. ૧ અને ૨ અંગે બાંધકામ મંજુરી રજીસ્ટર, ગેરકાયદેસર બાંધકામ કાર્યવાહી રજીસ્ટર, દફતર આધારે તેમજ મુદ્દા નં. ૩ અંગે પણ દફતરી હકીકત સ્પષ્ટ કરવા સાથે મુદ્દા નં.૪ અંગે દસ્તાવેજી પુરાવા નહીં આપવા કોઈ અપવાદ હેઠળ ઈન્કારની વિગતો હોય તો સ્પષ્ટ કરવા, દફતરી વિગતો ત્રાહિતની કોઈ કાર્યવાહી હોય તે સહિત મોકલવા** પત્ર નં. આરટીઆઈ સ ેલ/ ૧૮૯૩ તા. ૨–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને ત્રાહિતની માહિતી હોય તો તે અંગે જાહેર હિતની અગ્રતા સ્પષ્ટ કરવા અને તેમ ન હોય તો તેમના હિતધારક હોવાના આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ૮૫૯ તા. ૧૭–૩–૧૨થી નોંધ વિભાગ, મૂળ અરજીની નકલ, અરજદારે તા. ૧–૨–૧૨ના રોજ રૂ. ૯૦૦/– દસ્તાવેજી ફી ભર્યાની પહોંચ, અરજદારને પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ / ૮૫૯ તા. ૧૪–૨–૧૨ના રોજ આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિતગો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૫–૦૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારે મુદ્દા નં. (૧ ) સુરતના વરાછા રોડ, કનૈયાવાડીમાં ટી.પી.નં. ૧૭, ૦૦૮૩/એ–૧ પૈકી જમના ચેમ્બર્સવાળી મિલકતના મંજુર થયેલ બાંધકામનો પ્લાન, રજાચિઠ્ઠી, એન.ટી.સી.ની નકલો, મુદ્દા નં. (૨) મજકુર જમના ચેમ્બર્સમાં કેટલું બાંધકામ કાયદેસરનું છે. કેટલું ગેરકાયદેસરનું છે ? તેની માહિતી તથા રજાચિઠ્ઠી, જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના તા. ૧૭–૩–૧૨ ના પૂરક પત્ર અનુસાર મંજુર પ્લાનના નકશા અને રજાચિઠ્ઠીની નકલો રૂબરૂ આપેલ છે તેવું જણાવેલ છે.
મુદ્દા નં. (૩) મજકુર જમના ચેમ્બર્સની દુકાન નં. ૬ કાયદેસરની છે કે કેમ ? જો કાયદેસર હોય તો તે અંગેના દસ્તાવેજી પુરાવા, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૮૫૯ તા. ૧૪–૨–૧૨થી આપેલ માહિતીમાં "અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી "તેવું જણાવેલ.

મુદ્દા નં. (૪) મજકુર જમના ચેમ્બર્સમાં આવેલ ફલેટ નં. ૩૧૦, મ્યુ. ટેના. નં. ૧૮બી–૧૦–૦–૦૦૧ના માલિક કબજેદાર કોણ અને તે કોના નામે ચાલે છે તેને લગતા દસ્તાવેજી પુરાવા હાલ માલિક હયાત છે તો કયા છે ? તેનો ઓળખ પુરાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૮૫૯ તા. ૧૪–૨–૧૨થી આપેલ માહિતીમાં " જમના ચેમ્બર્સમાં આવેલ ફલેટ નં. ૩૧૦ જેનો મ્યુ. ટેના. નં. ૧૮બી–૮૬૫૫–૦–૦૦૧ વાળી મિલકતમાં હાલમાં મેમ્બર અને કબજેદાર તરીકે ધીરૂભાઈ કલ્યાણભાઈ પાંડવનું નામ ચાલુ છે. જે અંગેનું પાર્ટીસ્ટેટસ આ સાથે સામેલ છે "તેવું જણાવેલ.

જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી પુરતી માહિતી મળી નથી તેવું જણાવી નારાજ થઈ તા. ૧૬–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને અત્રેની કચેરીના પત્ર નં. આરટીઆઈ સેલ /૧૮૯૩ તા. ૨–૩–૧૨થી ત્રાહિતની માહિતી હોય તો તે અંગે જાહેર હિતની અગ્રતા સ્પષ્ટ કરવા અને તેમ ન હોય તો તેમના હિતધારક હોવાના આધાર હોય તો રજૂ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે કોઈ પણ આધાર કે પુરાવા રજૂ કરેલ નથી તથા અપીલ દરમ્યાન દુકાન નં. ૬ના દસ્તાવેજી પુરાવા અંગે રજુઆત કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૬–૨–૧૨ ધ્યાને લેતાં ૧૬–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૧–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૫–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે." તેમ છતાં મુદ્દા નં. ૩ કાયદેસર છે કે ગેરકાયદેસર છે તે બાબતે અરજદાર લાગત પ્લાન મંજુરી ફાઈલની તપાસણી દિન–૭માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી મળ્યે દિન–૭માં હુકમની અમલવારી કરી જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી– વરાછાઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કરમશીભાઈ મોહનભાઈ માંગુકિયા,